સુવિચાર : આપણી લાલસાઓ સાથે જીવવું મતલબ કે આપણી પીડા અને વ્યથા સાથે જીવવું... - અખંડ આનંદ

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૭૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગસ્ટ, ૨૦૧૫, ગુરૂવાર ; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- બેઠકોની વહેંચણી સંદર્ભે જેડીયુ, આરજેડી, કોંગ્રેસ વચ્ચે સહમતિ
- ભાજપની પરિવર્તન યાત્રા ચાર જગ્યાએથી લોંચ થઈ
- જીએસટીનો પસાર કરવાના છેલ્લી ઘડીના પ્રયાસ નિષ્ફળ
- વૈશ્વિક પરિબળો વચ્ચે સેન્સેક્સમાં ૩૫૪ પોઈન્ટનો મોટો કડાકો
- ચેનના સતત અવમુલ્યન વચ્ચે રૂપિયો ૬૪.૭૮ની સપાટીએ
- પ્રેમજી, શિવનાદર ટોપ-૨૦ અમીર લોકોમાં સામેલ
- નાવેદના મામલે પાકિસ્તાનનો એલઆર મોકલવાની તૈયારી
- કાશ્મીરમાં કાર ખીણમાં પડતાં ૧૦ લોકોના મોત
- અશ્વિનનો તરખાટ : શ્રીલંકા માત્ર ૧૮૩માં જ આઉટ
- અંતિમ ૩ વર્ષમાં દરરોજ એક સૈન્ય અધિકારીએ નોકરી છોડી

# ધાંધલ-ધમાલ વચ્ચે સુષ્માના રાજીનામાની માંગ ફગાવાઈ

## પોતાની સામેના તમામ આક્ષેપોને સુષ્મા સ્વરાજે ફગાવ્યા : ક્વોત્રોચી અને એન્ડરસનને ભગાડવામાં કોંગ્રેસ પક્ષે ભૂમિકા ભજવી : ખડગેના ઉગ્ર પ્રહારો



નવી દિલ્હી, તા. ૧૨

લોકસભામાં આજે ઉગ્ર ગરમાગરમ ચર્ચા થઈ હતી. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો. લડાયક ભાજપ સરકારે પણ ગૃહમાં કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપીને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના રાજીનામાની માંગણીને ફગાવી દીધી હતી. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે વિરોધપક્ષો ઉપર આક્ષેપો મામલે સરકારનું નેતૃત્વ કર્યું હતું. આઈપીએલના પૂર્વ વડા લલિત મોદીની મદદ કરવાને લઈને તેમની સામે કરવામાં આવેલા તમામ આક્ષેપોને સુષ્મા સ્વરાજે ફગાવી દીધા હતા. વળતા પ્રહારો કરતાં સુષ્મા સ્વરાજે આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસે બોફોર્સ કાંડના આરોપીઓને મદદ કરી હતી.ઉતાવીઓ કાત્રોચીને ભગાડી દેવામાં કોંગ્રેસે ભૂમિકા ભજવી હતી.

## સૌરાષ્ટ્ર - કચ્છમાં ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૨

સૌરાષ્ટ્ર-કચ્છ અને તેની આસપાસના વિસ્તારો ઉપર અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતિ સર્જાઈ છે. જેના પરિણામ સ્વરૂપે ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. અલબત્ત અતિ ભારે વરસાદની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. પરંતુ ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતા દેખાઈ રહી છે. આગામી ૫ દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે.

## આઈપીએલ જ ભ્રષ્ટાચારનું મુખ્ય કેન્દ્ર છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા. ૧૨

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ પણ આજે આક્રમક મૂડમાં સુષ્મા સ્વરાજ ઉપર પ્રહારો કર્યા હતા.



રાહુલે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, ગુપ્તરીતે લલિત મોદીની મદદ કેમ કરવામાં આવી હતી. પરિવારને કેટલા રૂપિયા મળ્યા હતા. રાહુલે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, દેશ તમામ બાબત જાણવા માંગે છે. લલિત મોદીને કેમ બચાવવામાં આવી રહ્યા છે. ભ્રષ્ટાચારી મુખ્યમંત્રીઓને કેમ બચાવવામાં આવી રહ્યા છે, તે તમામ બાબતો દેશ જાણવા માંગે છે. વડાપ્રધાન મોદી ઉપર પ્રહારો કરવામાં આવ્યા હતા.

# શહેરમાં મોડી સાંજે વરસાદી ઝાપટું



દિવસના ઉકળાટથી નગરજનો ત્રસ્ત : વરસાદના લાંબા વિરામ બાદ વાતાવરણમાં ગરમીનુ સામ્રાજ્ય

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં મેઘરાજાના લાંબા વિરામના લીધે વાતાવરણમાં ફરિ ઉકળાટ પ્રર્વત્યો છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી આકાશમાં ડોકીયા કરતા વરસાદી વાદળો વરસ્યા વિના વિખેરાઈ જતા નગરજનો અસહ્ય બફારો અનુભવી રહયા છે.આજે પણ દિવસની ગરમીના અંતે મોડી સાંજે વરસાદી વાદળો છાંટણા વરસાવી ગયા હતા.

શહેરમાં ગત મહીના દરમિયાન તોફાની વરસાદે નગરમાં ખુશ્નુમા વાતાવરણ સર્જી દેતા નગરજનોએ આહલાદક

● અનુસંધાન પાન-૭ પર





